યુવાનો પડકાર ઝીલે છે—

Regd. No. B. 3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

: તંત્રી :: ચંદ્રકાન્ત સુતરીઆ. ::


વર્ષ ૩ જું. અંક બીજો.
શનીવાર તા. ૧૫-૮-૩૬.

## જૂનવાણી શિકસ્ત પામે છે.

### જ્યહારે ધર્મ ઝનુન વિવેક બુદ્ધિ ગૂમાવે છે.



શ્રી. જીવણલાલ ઝવેરી.



શ્રી. શાન્તિલાલ.



શ્રી પન્નાલાલ કરમચંદ ભાઉ.

સુધારક પક્ષમાંથી આઠ જુવાનોનાં રક્ત રેડાયાં છે. અમદાવાદની સીવીલ હોસ્પીટલમાં આ કેસ નોંધાયા છે. એક પણ રૂઢીચુસ્તનો કેસ સીવીલ હોસ્પીટલમાં નથી. હુલ્લડ કોણે કર્યું અને મારામારીના જવાબદાર કોણ એ પ્રશ્નનો પ્રત્યુત્તર આ ફોટા આપશે.

( અમારા ખાસ પ્રતિનિધિ તરફથી. )

ગામેગામના યુવક સંઘો પડકારે છે, જૂનવાણી મંડળો પણ ચેતવે છે, સાધુઓ સુદ્ધાંય એના વ્યાજબીપણા અને વ્યવહારૂપણા વિષે શંકા કરે છે. પડકારો, ચેતવણીઓ અને અભિપ્રાયોથી ઉભરાતાં અખબારોનાં પાનાં અમદાવાદના આંગણે ડહાપણ ઠાલવે છે.

શ્રી પરમાનંદ અમદાવાદના નથી એ એક મુદ્દો. બીજો મુદ્દો વિચારો દર્શાવવાને ખાતર સંઘ બહાર શી રીતે મૂકાય તે. ત્રીજો મુદ્દો આજની પડતી દશામાં યુવાનોને છંછેડી સમાજમાં અશાંતી ન વધારવાનો.

પણ અમદાવાદના નગરશેઠને સ્થાને સ્થપાયલી બુદ્ધિ, વિનયને

વિવેક છોડી તોફની બને છે. અપાતા પ્રત્યુત્તરોમાં ઘમંડ તરવરે છે. આચારે ધર્મદ્રોહી માણસ જ્યારે ધર્મનો રખેવાળ બનવાનો ઢોંગ કરે ત્યારે એની નબળાઈ દલીલોનો માર્ગ છોડે છે અને કમજોર માનવીના મગજનો કબજો ગુસ્સો લઈ લે છે.

**'ના, હું તો ગાઇશ'**

સલાહ, શિખામણ ને વિનવણીઓની અવગણના કરી અમદાવાદના નગરશેઠે "શ્રી પરમાનંદના ભાષણ પરત્વે' વિચાર કરવા સંઘની સભા તા. ૯–૮–૩૬ના રહવારના સાડા નવે રાખી. આ ખબરથી અમદાવાદના જૂવાનોનું જોમ જોવા શનિ રાતે મ્હેં મુંબઈ છોડયું.

Black list.

સોસાયટી પક્ષને અમદાવાદ મ્યુનિસિપાલિટીએ Black list માં મૂકી સભા કરવા હોલ ન આપવાનો નિર્ણય કર્યો છે એ સમાચાર અમદાવાદ ઉતરતાંજ મ્હને મલ્યા.

સાડાસાત વાગતાં તો લાલ લીલી પાઘડીઓ, ધોળી કાળી ટોપીઓ નગરશેઠના વંડે મ્હેં વ્હેતી જોઇ. કમ્મરો વાળીને ગાડીમાં બેઠેલા અને નસકોરાં ચ્હડાવીને ચાલતાં એવા અમદાવાદના શેઠીયાઓને મ્હેં જોયા. ટટ્ટાર ગર્દને ચાલતા ને દોસ્તોને તાળીઓ દેતા અમદાવાદી જુવાનોને મ્હેં જોયાં અને મ્હને થયું: મહાવીર સ્વામી જ્યહાં હશે ત્યહાં "ધર્મને ખાતર" આટલાં બધાં માનવોને ઝઝુમતાં જોઇને એમનો આત્મા સંતોષ પામ્યો હશે.

સાડા નવ થયા. "પરમાનંદ ઝીંદાબાદ" ના પોકારો થયા. ખુંધે વળેલી એક લીલી પાઘડીની 'નગરશેઠ' તરીક મ્હને ઓળખ મળી. આગેવાનો હતા તે અને પોતાને આગેવાન માનતા હશે તે પ્લેટફોર્મ પર ગોઠવાયા.

**ગુંચ ઉકલી.**

માનવીના સ્વભાવ કારણો પારખવાં હોય તો એની ચોપાસનું વર્તુળ જૂઓ. માનસશાસ્ત્રની આ એક કસોટીએ મ્હેં નગરશેઠની ચોપાસના વર્તુળને જોયું. અને કડીઆઓને જોઇ મ્હારી ગુંચ ઉકલી ગઇ. નગરશેઠે ખાનદાનીની મર્યાદાઓ કેમ ઓળંગી હશે એ ભેદ ખુલ્લો થયો. આવા માણસોની સોબત ગમે તેવા ગુણવાન પર પણ અસર કરે જ તો આ તો.........

**'અહિંસા પરમો ધર્મ'**

"પરમાનંદ ઝીંદાબાદ, પરમાનંદ ઝીંદાબાદ"ની પ્રચંડ ઘોષણા થઈ અને ધર્મના એક ચોકીયાતને ધર્મ આ એક એક ઘોષણાએ પાતાળમાં પેસતો જણાયો. ચોકીયાત તરીકે એણે ફરજ બજાવી અને અહિંસા પરમોધર્મના એક પરમ સેવકે એક જુવાનને લોહી લુહાણ કર્યો.

**ઉપાનદેવ નગરશેઠને સ્પર્શે છે.**

પછી તો ખાસડાંનો વર્ષાદ વરસ્યો. એક ખાસડું નગરશેઠના મ્હોંએ પણ સ્પર્શી ગયું. લાલલીલી પાઘડીઓ–કાળી ધોળી ટોપીઓ રબ્બરના ફુગ્ગાની માફક હવામાં નૃત્ય કરી રહી.

**આઠ જુવાનો લોહિલુહાણ.**

પરિણામે સુધારક પક્ષના આઠ જુવાનોનાં વધતાં ઓછાં રકત રેડાયાં અને જૂનવાણી પક્ષે માત્ર મારવા કાઢેલાં જોડાજ ગુમાવ્યા.

**શાબાસ દોસ્તો !**

જુવાનોની શાંતિ અને શિસ્ત અદ્ભુત હતાં. સામાન્યતઃ અઢારમાની ગુંડાશાહી સહી લેવાની જુવાનોને આદત નથી હોતી. પરંતુ વર્ષો જુના કિલ્લા તોડવા હોય તો મગજની સમતોલના જાળવી રાખીને શાંત અડગતાથી રહેવું જોઇએ. મહાત્માજીના રાજકારણ પ્રવેશ પછી આ દૃષ્ટિ સુધારકોમાં આવી છે. અમદાવાદના નવલોહિયા જુવાનોનાં ધૈર્ય અને સહન કરવાની શકિત હું મુગ્ધ મને જોઈ રહ્યો.

**શું થાત ?**

'ટાઇમ્સ'ના મતે ત્રણ હજાર સભાજનોમાંથી સત્તરસો તો જુવાનો હતા એમ હું જોઇ શકયો હતો. આ જુવાનોએ માઝા મૂકી હત તો ?–તો અમદાવાદની શેઠીયા શાહિ ભાંગીને ભુક્કો થાત અને ધાર્મિક ગુંડાગીરીનો તો શી રીતે જવાબ વળત એ કલ્પના કરીને જ હું તો કમકમી ઉઠું છું.

**સ્રીઓ કંપી રહી**

આમ જુવાનો સહી રહ્યા. થોડીક વારતો સમરક્ષેત્રના સ્વરૂપમાં નગરશેઠનો વંડો પલટાઇ ગયો. નગરશેઠ અને બીજા શેઠીઆઓ સભા સ્થળેથી મકાનમાં ભરાઈ ગયા. નગરશેઠના મકાનમાં રહી જોતી જૂની–નવી સ્રીઓ આ ધાર્મિક અત્યાચારથી કંપી રહી.

**મકાનમાં માર્યાં**

કેટલાક સુધારક જુવાનોને મકાનમાં માર્યા. નગરશેઠના મકાન તરફથી આ મારામારી દરમ્યાન પત્થર પડેલા જણાતા હતા. સીવીલ હોસ્પીટલે સારવાર કરાવવા ગએલા આઠ જુવાનોમાંથી ત્રણને પત્થરના ઘા હતા.

**બીચારો કડીઓ !**

એક રૂઢીચુસ્ત કડીઓ નિરર્થક જૈન યુવક સંઘના મંત્રી શ્રી. ધીરજલાલ ટોકરશી શાહને શોધી રહ્યો હતો. એની દાઝ અધુરી રહી ગઇ. મુખ્ય સુધારક શેઠ શકરાભાઇને માર પડયો. એ રૂઢી ચુસ્ત કડીઓ સમરક્ષેત્રમાં અર્જુન બેરતો હતો.

**સભા બરખાસ્ત !**

નગરશેઠને અંદર ભાગતા જોઇ સમુદાય સમજ્યો કે સંઘની સભા બરખાસ્ત થઇ છે. પ્રમુખ કારણ દર્શાવ્યા વિના ચાલી જાય એટલે સભા પૂરી થઈ છે કે વિખેરાઈ જવાની સૂચના થઇ છે એ સમજ સામાન્ય રીતે તમામ સભાઓમાં હોય છે અને લોક વિખરાયાં. જુવાનો ગયા. શેઠીયાઓની મોટરો પણ ગઈ.

**કાનુન વિરૂદ્ધ !**

પરંતુ ઠીક ચાલતું હતું. કુતુહલથી જુદા ઉભાં હતાં સાદી ને લાઠીધારી પોલીસ આવી. સભાનો કબજો લીધો. અને ખબર પ્રકટી: સંઘની સભા બરખાસ્ત નથી થઈ. કાયદાની દૃષ્ટિએ આ બરાબર ન કહેવાય. પણ ધર્મના આ ધુરંધરો ધર્મ સાચવવા કાયદો

( અનુસંધાન પાનું ૧૯ મું. )

# તરુણ જૈન.

તા. ૧૫-૮-૧૯૩૬

## યુવાનો પડકાર ઝીલે છે–

ધર્મશાસન કે સમાજશાસનના મોવડીઓના સિંહાસનના પાયા જ્યારે ડોલવા લાગે છે, ત્યારે જેમ રાજ્યશાસનના પાયા ટકાવી રાખવા માટે રાજાઓને–સમ્રાટોની સરકારને–જેમ સત્તાના કોરડા વીંઝવા પડે છે તેમજ 'સુરિસમ્રાટો' અને 'નગરશેઠો' પણ પોતાની સત્તા ટકાવી રાખવા માટે પોતાની સત્તાના કોરડા વીંઝવા તત્પર બને છે.

ભાઈ પરમાનંદના ભાષણમાં ધર્મશાસન અને સમાજ શાસનના એ ધુરંધરોને પોતાની રહી સહી સત્તાના 'મરશીયા' ગવાતા સંભળાયા. અને તેઓને પોતાની પાસે હવે માત્ર અવશેષ રહેલું 'બહિષ્કારનું શસ્ત્ર' અજમાવવાના કોડ જાગ્યા. સ્થળે સ્થળેથી સંઘોએ મંડળોએ અને અને વ્યક્તિઓએ, એ 'અવળચંડાઈ' સામે વિરોધ પોકારવા છતાં ખમૈયા પકડવાની તેમણે ચોકખી ના સંભળાવી. અને પંડિત સુખલાલજીએ શ્રી કસ્તુરભાઈને લખેલા પત્રમાં આપેલા સ્પષ્ટ પડકારની અવગણના કરવામાં આવી. જાણે કે સ્વતંત્ર વિચારણા અને બુદ્ધિ પુરઃસરની દલીલોનું દેવાળું ફુંકાયું હોય!

'સત્તા સરી જાય છે!' એ ધુનમાં બે બાકળા બનેલા એ મોવડીઓએ પોતાના અંગત નિર્ણયો સંઘના અવાજ તરીકે ઠોકી બેસાડવાના પ્રયત્ન આદર્યા. અમદાવાદના યુવાનોએ સભા ભરી સહામો ઉગ્ર વિરોધ નોંધાવ્યો. પરંતુ 'યુવાનોના અવાજ'ને ઠોકરે ઉડાવી તેમણે પોતાનો નિર્ણય અમલમાં મુકવાનો નિશ્ચય કર્યો.

એ સત્તા શોખીનોએ જો જરા શાણા બની વિચાર કર્યો હોત કે: સત્તાના સિંહાસનોનું સ્થાન લોક હૃદયમાં હોય છે. તો લોકસંઘમાં સદાય મોખરે રહેતા આજના યુવાનોને પડકાર આપવા સરેખું બીલીશ પગલું તેમણે ભર્યું જ ન હોત!

પરંતુ સત્તાનો મદ જ્યારે માણસને અંધ બનાવે છે. ત્યારે તે ન કરવાની ભૂલો કરી બેસે છે. અને એ ભૂલોની પરંપરા સમા જે બનાવો એક પછી એક બને છે, તે એ 'સત્તાધારીઓ'ને અપકીર્તિની ગર્તામાં ધકેલે છે. અને સદાને માટે તેઓ લોકહૃદયમાંથી પોતાનું સ્થાન ગુમાવી પોતાના પદેથી આપોઆપ ભ્રષ્ટ થાય છે.

અને અમદાવાદ પણ તેમજ બન્યું. શ્રી કસ્તુરભાઈ સંઘના નામે 'નાટક' ભજવવા તૈયાર થયા. બીજી તરફ યુવાનોએ જીવના જોખમે મર્દાનગીભર્યો સામનો કરી તેમના કોડને નિષ્ફળ બનાવવા પ્રયત્ન કર્યો. રંગભૂમિ ઉપર પડદો પડયો. અને યુવાનોનો વિજય જાહેર થયો.

આ બધાનું પરિણામ શું આવશે તેનો હવે પછીના બનાવો નક્કી કરશે. પણ અમે માનીએ છીએ કે એ 'નગરશેઠો' અને સુરિસમ્રાટો' એ લોકોના હૃદયમાંથી પોતાનું સ્થાન ગુમાવ્યું છે એ નિ:શંસય છે.

અને અમદાવાદના જૈન યુવાનો જે બહાદુરી ભરી રીતે 'સત્તા' સહામે ઝઝુમ્યા છે, તે અભિનંદનને પાત્ર છે. એટલું જ નહિ પણ જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં આવી 'અવળચંડાઈ' આચરવાના પ્રયત્નો થાય ત્યાં ત્યાં વ્યવસ્થિત રીતે મર્દાનગીથી એનો સહામનો કરી એવી અયોગ્ય અને ઉપહાસ્ય પ્રવૃત્તિને નિષ્ફળ બનાવવા માટે પ્રયત્ન કરવો એ જ યુવાનોનો ધર્મ છે–કર્તવ્ય છે. અને અમદાવાદના યુવાન દોસ્તો તરફની સાચી સહાનુભૂતિ એમાં જ રહેલી છે! એ આજનો પ્રત્યેક યુવાન સમજી લ્યે.

## વ્હેતા વ્હેણ

...ન્યાયના નાટકની નિષ્ફળતા પછી, કડીઆ કંપની નવું નાટક તૈયાર કરે છે. ડાયરેકટર રામચંદ્રભાઈ જુસ્સાભેર કામે લાગ્યા છે. શ્રી. માકુભાઈએ ગમે તેટલા પૈસા રોકાય તો પણ નવું નાટક સફળ કરવા નિરધાર કર્યો છે, પત્રભ્રષ્ટ સમ્રાટે તમામ તપના નિચોડ જેવો 'સફળ થાઓ'નો આશિર્વાદ આપ્યો છે. સોસાયટીનું તમામ બળ કામે લાગી ગયું છે, પડદા ચિતરાય છે. સાજ સિવડાવાય છે. અને કડીઆ–સુતારો–મોચીઓ–લુહારો 'નવું સર્જન, નવું સર્જન' દિવસ રાત પોકારી રહ્યા છે.

...શ્રી જૈન મહિલા સમાજનાં મંત્રી શ્રી મંગળાબ્હેન મોતીલાલ જણાવે છે કે અમારી સમીતિમાં પસાર થયું હતું કે શ્રી પરમાનંદ કાપડીઆના ભાષણના કેટલાક ફકરાઓ વાંધા ભર્યા ગણીને સંઘ બહાર મૂકવાનો પ્રયત્ન અમદાવાદના સંઘ તરફથી થયો છે તે વ્યક્તિ સ્વાતંત્ર્યની વિરૂધ્ધ છે અને તેમને સંઘ બ્હાર મૂકયા છે તે વ્યાજબી નથી.

...અમદાવાદમાં હોળી સળગાવ્યા પછી 'સીસોદીના ગંજાઓ' ખંભાતમાં હોળી સળગાવવાની કોશીષ કરી રહ્યા છે.

...સાદડી–મારવાડમાં શ્રી. પરમાનંદના વિચારોને વધાવનાર શ્રી શુભચિંતક જૈન સમાજને–આખી સંસ્થાને સંઘ બ્હાર કરાવવાનો કોઈ સાધુ પ્રયાસ કરી રહ્યા છે. આખી સંસ્થાને સંઘ બ્હાર કરવાનો પ્રયાસ કરતાં સાધુને ભ્રકડ મળી છે એટલે એ સંસ્થાના કાર્યકર્તાઓને સંઘબ્હાર કરવાના પ્રયાસ એણે શરૂ કર્યા છે. સાદરીના જુવાનો! ગામમાં કુસંપ કરાવતા એ સાધુને ગામમાંથી કાઢી મૂકો.

...ભાંગવાડી થીએટરના તખ્તા પરથી 'શુરાતન'નાં ગાનું ગાનાર મેસર્સ જીવા પ્રતાપ એન્ડ સોસાયટીએ લડાયક સરંજામ તૈયાર રાખ્યો છે અને હાકલ પડે કે મેદાનમાં આવી સુધારકોને હટાવવાનો નિરધાર કર્યો છે. અને નિરધારને એઅનુસરતાં ડ્રેસ અને શસ્ત્રોનો કોન્ટ્રેકટ અપાઈ ગયો છે.

...નગરશેઠના વંડે એકઠાં થએલાં પાઘડી, જુતાં ને છત્રીઓ અંગે ચાર યોજના આવી છે.

૧. કોઈ જૂના સામાનવાળાને વેચી એના પૈસા કોઈ સાધુ અંગે ચાલતા રસોડાના ફંડમાં આપવા.

૨. જરૂરીઆતવાળા ભેકારોને ગુજરી ભરાય ત્યારે વેચવા આપવા. અને એમનું કમીશન બાદ કરતાં બાકીના પૈસા મંદિરમાં દેવદ્રવ્ય ખાતે આપવા.

૩. હોળી કરવી.

૪. શેઠીઆઓના ઘેર ઇ. નોકરોને વિના મૂલ્યે બક્ષીસ થશે.

આ વસ્તુઓની માલિકી શ્રી. સંઘની જ છે એટલે શ્રી. કસ્તુરભાઈના કુટુંબનાં માણસો આ ચર્ચામાં રસ લેતાં નથી. એટલે જુદી જુદી ન્યાતના શેઠોની શિરસ્તા મુજબની સહી લેવાની તજવીજ થઈ રહી છે. નિર્ણય થાય ત્યાં લગી આ ભંડાર નગરશેઠના વંડામાંની એકાદ ઓરડીમાં રહેશે એવા સમાચાર મળ્યા છે.

...સ્વતંત્ર વિચારો દર્શાવવા માટે અમદાવાદના જૂનવાણી પક્ષે બે યુવાનોને નોકરીમાંથી રજા આપી છે. બીજા કેટલાક ને હવે રજા અપાશે.

# વાદળ વિખરાઈ જાઓ.

: લેખક :
મુનિશ્રી. પુણ્યવિજયજી.

ભાઈશ્રી કાપડીઆએ પોતાના ભાષણમાં રજુ કરેલા વિચારો સાથે હું સર્વાંશે સહમત નથી, તે છતાં હું એમ ચોક્કસ માનું છું કે ભાઈ શ્રી કાપડિઆને રાજનગરનો શ્રી સંઘ સંઘબહાર મૂકે એ કોઈ પણ રીતે વ્યાજબી નથી, ખાસ કરી આજની જૈનસમાજની અને જૈન સંઘની વિષમ પરિસ્થિતિમાં. મને લાગે છે કે રાજનગરના શ્રી સંઘે અત્યારે સંઘબહારનું જે પ્રકરણ ઉપાડ્યું છે એ તદ્દન નિરર્થક છે એટલું જ નહિ પણ તે ઉપરાંત રાજનગર શ્રીસંઘના પોતાના હિતને અને તેના બહારથી દેખાતા ઐક્યને (અંદરથી તો રાજનગરનો સંઘ આજે વર્ષો થયાં વિચાર ભેદને લઈ ફાટી રહ્યો છે) નુકશાન કર્યું છે.

આજના જૈન શ્રી સંઘની,—એટલે કે જેમાં સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકા એ ચારેનો સમાવેશ થાય છે તેની,—પારસ્પરિક તેમજ ધાર્મિક અને વ્યાવહારિક કોઈ મર્યાદા જ વાસ્તવિક રીતે વ્યવસ્થિત નથી. એક બીજા ગામના શ્રી સંઘો એક બીજા ગામના શ્રી સંઘેની પારસ્પરિક ધાર્મિક મર્યાદાને ખરું જોતાં ગણકારતા નથી. સાધુસંઘની મર્યાદા શ્રાવક સંઘ અને શ્રાવકસંઘની મર્યાદાને સાધુસંઘ પણ જાળવતો દેખાતો નથી. એટલું જ નહિ પણ સાધુ સાધુઓ અને શ્રાવક શ્રાવકો પણ પારસ્પરિક ધાર્મિક મર્યાદાની રક્ષા ખરી રીતે નથી કરતા, તેમ આજે, સંઘબહાર એટલે શું? સંઘબહાર કરનાર કોણ? કેવા ગુન્હાસર કોણ કોને સંઘબહાર કરી શકે? સંઘબહાર થનાર અગર સંઘમાં રહેનાર વ્યક્તિને શા શા લાભો અગર હાનિ છે? સંઘબહાર કરવાનો વિચાર કરવા પહેલાં ગુન્હો કરનાર અને શિક્ષા કરનારનું વલણ કેવું હોવું જોઈએ? સંઘબહારની શિક્ષા કરવા તૈયાર થનાર વ્યક્તિ કેટલી વિદ્વાન; વિચારશીલ અને સ્થિતપ્રજ્ઞ હોવી જોઈએ? ઇત્યાદિ બાબતોની કશીયે વ્યવસ્થા રહેલ નથી. અને એજ કારણ છે કે અત્યારના ધાર્મિક કે વ્યાવહારિક દરેક નિર્ણયોમાં મોટે ભાગે વિચારશીલપણું, પ્રામાણિકતા કે ધર્મભાવનાને તિલાંજલિ અપાએલી જ આપણે જોઈએ છીએ. અને તેના મહ-ત્વમાં અજ્ઞાનતા, સ્વાર્થ પરાયણતા, મંદ ધાર્મિકતા જ મુખ્ય ભાગ ભજવતાં હોય છે. કેટલીએ ધાર્મિક અને પ્રામાણિક વ્યક્તિઓ આ વસ્તુસ્થિતિ પ્રત્યે અણગમો ધરાવવા છતાં આજનો મોટો વર્ગ ઉપર જણાવ્યા પ્રમાણેનો હોઈ તેવી ધાર્મિક વ્યક્તિઓનું આજના સંઘમાં સ્થાન કે તેમનો અવાજ હોતો નથી. આ આખી પરિસ્થિતિ તરફ નજર કરતાં રાજનગરનો શ્રી સંઘ સંઘબહારની પ્રવૃત્તિ આદરે એને કોઈ પણ વિજ્ઞ મનુષ્ય પસંદ ન જ કરી શકે. છતાંય જો આ આખી પરિસ્થિતિ તરફ દુર્લક્ષ્ય કરી, રાજનગરનો શ્રી સંઘ હઠ પૂર્વક સંઘબહારની પ્રવૃત્તિ કરશે તો વર્તમાન જૈન શ્રી સંઘની જે છિન્ન ભિન્ન દશા છે તેમાં સવિશેષ ઉમેરો થશે અને એ કોઈ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી.

રાજનગરના શ્રી સંઘનું અગર કોઈ પણ ગામ કે શહેરના શ્રી સંઘનું સર્વોપરિપણું આજથી જ નહિ પણ આજે સેંકડો વર્ષ થયાં અસ્ત થઈ ગયું છે. આજે ક્યાંયના પણ જૈન સંઘનું સર્વોપરિપણું નથી. ખાસ કરી અત્યારે પ્રસ્તુત રાજનગરના શ્રી સંઘનું સર્વોપરિ-પણું અત્યારે પણ નથી અને આપણે જાણીએ છીએ ત્યાં સુધી આજથી વર્ષો પહેલાં પણ એ મંજૂર નહિ રખાયાના દષ્ટાંતો આપણા સમક્ષ વિદ્યમાન છે. દા. તઃ—

૧. લાલન-શિવજી પ્રકરણમાં રાજનગર, સુરત, બોટાદ વગેરેના શ્રી સંઘોએ આ બન્નેય વ્યક્તિઓને સંઘબહાર કરવા છતાં જામ-નગરના શ્રી સંઘે એ સંઘોના ઠરાવ તરફ ઉપેક્ષા કરી હતી એટલું જ નહિ પણ જામનગરના શ્રી સંઘે તે સામે લખાણ પણ કર્યું હતું.

૨. પંડિત બહેચરદાસના પ્રસંગમાં પણ રાજનગરના શ્રી સંઘના સંઘબહારના ઠરાવને વળા ગામના નાના સરખા શ્રી સંઘે ગણકાર્યો નથી અને પંડિત બહેચરદાસ સાથે દરેક વ્યવહાર વળાના શ્રી સંઘે અખંડ રીતે જારી રાખ્યો છે.

આ ઉપરાંત રાજનગર શ્રીસંઘનું સર્વોપરિપણું નહિ સ્વીકારાયાનો—નહિ હોવાનો ખાસ નોંધવા લાયક એક ઐતિહાસિક દાખલો એ છે કે—

રાજનગરમાં નગરશેઠ શ્રીયુત પ્રેમાભાઈના વખતમાં રાજનગરના વતની શ્રાવક તારાચંદ પખ્ખાજીને સંઘબહાર કરવામાં આવ્યા હતા. જ્યારે પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શ્રીમદ્વિજયાનંદ સૂરિમહારાજશ્રી સુરતમાં ચોમાસું રહ્યા હતા ત્યારે તારાચંદ પખ્ખાજી સુરત ગએલા તે વખતે રાજનગરના નગરશેઠે સુરતના શ્રી સંઘ ઉપર તારાચંદ પખ્ખાજીને રાજનગરના શ્રી સંઘે સંઘબહાર કરેલ હોઈ તેમની સાથે કશોય વ્યવહાર નહિ રાખવા જણાવેલું. તે છતાં સુરતના શ્રી સંઘે રાજનગરના શ્રી સંઘના ઠરાવને અયોગ્ય માની તે તરફ દુર્લક્ષ્ય કર્યું હતું.

અને અત્યારે ભાઈ શ્રી પરમાનંદ કાપડિયાને અંગે રાજનગર શ્રીસંઘ તરફથી થતા આવડા મોટા ઉહાપોહ તરફ પણ ભાવનગરના શ્રી સંઘે જરા સરખુંય ધ્યાન નથી આપ્યું.

આ બધું જોતાં રાજનગરના શ્રીસંઘનું સર્વોપરિપણું નથી. તેમ તેવું આજસુધીમાં સાંભળવામાં પણ આવ્યું નથી. અને આ વાતને કોઈ માનતું પણ નથી. એટલે રાજનગરનો શ્રીસંઘ ભાઈ કાપડિ-આને સંઘબહાર કરી શકે નહિ, માત્ર એ, પોતાને યોગ્ય લાગે તેવી ભલામણ જ ભાવનગરના શ્રી સંઘને કરી શકે. આમ છતાં રાજ-નગરનો શ્રીસંઘ પોતાની માની લીધેલી સત્તાના વ્યામોહ ખાતર ભાઈ કાપડીઆને સંઘ બહાર મૂકે તેનો કશો જ અર્થ નથી. જ્યાં સુધી ભાવનગરનો શ્રી સંઘ આ માટે કશું ય ન કરે. બાકી આ રીતે વાણી અને વિચારો ઉપર કાપ મૂકવો ઇચ્છનીય નથી.

ભાઈ શ્રી કાપડિઆના ભાષણમાંના કેટલાક વિચારો સાથે હું સમ્મત ન છતાં મને એમ લાગે છે કે ભાઈ કાપડિઆનું ભાષણ શુદ્ધ નિષ્ઠાથી પરિપૂર્ણ છે. તેમજ તેમાં સમાજની ઉન્નતિના અમુક યોગ્ય માર્ગનું સૂચન પણ છે.

અંતમાં મને એમ લાગે છે કે—ભાઈ શ્રી કાપડિઆના વિચારોના સંબંધમાં કશીય પ્રામાણિક તેમજ વિચાર પૂર્ણ ગંભીર ઉહાપોહ કર્યા સિવાય જેમણે સંઘ બહારનું શસ્ત્ર ઉગામવાની તૈયારી કરી તેમજ તેમાં નિર્વિચાર પણે પ્રેરણા તેમજ સાથ આપ્યો છે તેઓ જૈન ધર્મને અને જૈન સંઘને ભયંકર નુકશાન જ કરી રહ્યા છે. આપણે ઇચ્છીએ કે પરમાત્મા સૌને સદ્બુદ્ધિ આપો અને રાજ-નગરના સંઘ ઉપર ફરી વળેલ વાદળ વીખરાઈ જાઓ.

આપણે સૌ છદ્મસ્થ છીએ એટલે જે જે વિચારો રજુ કરવામાં આવે એ બધાય સ્થિતપ્રજ્ઞતાથી અભ્યાસ કરવા પૂર્વક તેમજ દીર્ઘ દૃષ્ટિ વાપરી ચર્ચવામાં આવે એ વધારે ઇષ્ટ છે. આપણા વિચારો કે વાણી જેટલે અંશે દૂષિત હશે કે છિછરાં હશે તેટલું સૌને નુકશાન છે અને એ બધાયની જવાબદારી જ્ઞાનીના દરબારમાં આપણી જ રહેવાની છે.

# તમે કયા ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે ?

કસ્તુરભાઈને પત્ર ઃ ઃ લેખક ઃ પં. સુખલાલજી

ન્યુ હૉ. ૨.
હિન્દુ યુનિવર્સિટી
બનારસ તા. ૪-૮-૩૬

શ્રીયુત કસ્તુરભાઈ મણિભાઈ જોગ,
અમદાવાદ.

ઘટિત આપણા બે વચ્ચે કશો પરિચય સંબંધ નથી. સ્વાર્થ-ઘર્ષણનો સ્વપ્ને પણ સંભવ ન હોવાથી પક્ષવિપક્ષ ભાવ પણ નથી. જે કાંઈ સંબંધ છે અને જેને લીધે લખવા પ્રેરાયો છું તે સામાન્ય એક સમાજના ઘટક હોવાનો સંબંધ છે. આ સંબંધ દેખીતી રીતે નજીવો કે દૂરનો દેખાવ છતાં તાત્ત્વિક રીતે એ બહુ મહત્વનો અને ઘણી બાબતમાં તો એ નજીકમાં નજીક જેવો પણ છે.

શેઠાઈ કે નગરશેઠાઈ જેવાં મૂળમાં ગુણ સ્થાપિત પદોને સાચવી રાખવાનો આ યુગમાં સહેલો ઉપાય મૌન સેવવું એ જ છે. અને એવાં પદોની પ્રતિષ્ઠા વધારવાનો ઉપાય વિચાર અને વર્તનના વિવેક તેમ જ સુપરિણામમાં સમાયલો છે. હું પોતે કોઈ નિષ્પ્રાણ વારસાગત અધિકારમાં નથી માનતો. સમગ્ર અમદાવાદ નગરના કલ્યાણ વિષેના તમે શા વિચારો સેવ્યા છે અને તે વિષે શું શું કર્યું છે એ પણ નથી જાણતો. અમદાવાદ સમસ્ત નગરની વાત બાજુએ મૂકીએ અને માત્ર સમસ્ત અમદાવાદી જૈન સંઘને લઈ વિચારીએ તો પણ એ પ્રશ્ન રહે જ છે. અમદાવાદના સમગ્ર જૈન સંઘના કલ્યાણકારી કાર્યોનો વિચાર કરવા વિષે તેમજ તે વાસ્તે કાંઈ પણ કર્યા વિષે મને કોઈપણ સ્થળેથી વિશ્વસ્ત માહિતી મળશે તો તમને સાચા અર્થમાં શેઠ કે નગરશેઠ તરીકે સંબોધવામાં મને જરા પણ સંકોચ નહિ થાય; ઉલટો આનંદ થશે.

તમે ભાઈ પરમાનંદ કાપડિયાના પ્રમુખ તરીકેના ભાષણ વિષે નિવેદન પ્રગટ કરતાં જે વિધાનો કર્યાં છે તે જોતાં મને એમ લાગે છે કે તમે ભીંત ભૂલો છો. તમે એ ભાષણને અધાર્મિક અને સસ્તી કીર્તિ મેળવી આપનાર જણાવો છો. સહેજે પ્રશ્ન થાય છે કે તમે કોની પાસે કયા ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે ? અથવા જાતે કયા ધર્મશાસ્ત્રો વાંચ્યાં છે ? તમે એ ભાષણને વ્યવહારિક ધર્મને વિરોધ કરનારું હોઈ અધાર્મિક કહો છો કે તાત્વિક ધર્મનો વિરોધ કરનારું હોઈ અધાર્મિક કહો છો ? જો વ્યવહારિક ધર્મના વિરોધને કારણે અધાર્મિક કહેતા હો તો મને લાગે છે કે તમારે પચ્ચીસો વર્ષ સુધીમાં થયેલા સેંકડો અને હજારો, અત્યારે પ્રતિષ્ઠિત મનાતા આચાર્યોને અને ગૃહસ્થોને પણ અધાર્મિક માનવા પડશે. એટલું જ ખુદ ભગવાન મહાવીરને પણ તમારે એ જ વિશેષણ આપવું પડશે. કારણ એ બધાએ એક યા બીજે રૂપે તે તે નિષ્પ્રાણ વ્યવહાર ધર્મનો વિરોધ જ કર્યો છે અને તે વિષે નવો મત કેળવ્યો છે. સહેજ પણ ઇતિહાસનું જ્ઞાન ધરાવનારા આ બાબત સમજી શકે. જો તાત્વિક ધર્મના વિરોધનો મુદ્દો હોય તો એમાં ભ્રમ સમાયેલો છે. ભાઈ પરમાનંદના ભાષણમાં એક પણ એવો અંશ નથી જે તાત્વિક જૈનત્વ કે તાત્વિક આર્યત્વ કે તાત્વિક મનુષ્યત્વથી વિરોધી હોય. ઉલટું એ આખું ભાષણ તાત્વિક ધર્મની પ્રતિષ્ઠા તેમજ વિકાસની દૃષ્ટિએ જ લખાએલું છે. હું માત્ર તમને જ નહિ પણ વિશ્વાસપાત્ર હોય એવા આખા વિચારક દળને સપ્રેમ આહ્વાન કરવા ઇચ્છું છું કે તમે બતાવો કે એ ભાષણમાં વાસ્તવિક કયું જૈનત્વ હણાય છે ? મેં આ વિષય પાછળ ચાળીશથી ઓછાં વર્ષો નથી ગાળ્યાં. તે પણ બને ત્યાંસુધી વ્યાપક દૃષ્ટિએ સતત વિચારવામાં. હું તમે જે રીતે જાણવા ઇચ્છો કે સમજવા માગો તે રીતે આ બાબત સુલભભાવે સમજાવવા તૈયાર છું એટલું જ નહિ પણ આ બાબત લિખિત નિષ્પક્ષ અને મૈત્રિપૂર્ણ ચર્ચા કરવા પણ તૈયાર છું. ચાલુ વ્યવસ્થા, ચાલુ પેઢીઓ, ચાલુ તંત્રો અને ચાલુ સંસ્થાના રૂપો એ કોઈ સનાતન જૈન પ્રકૃતિના ધ્રુવ અંગો નથી. એવા અંગો તો ઘણીવાર ઉગ્યાં, ઘણીવાર બદલાયાં અને ઘણીવાર એવા પ્રસંગો આવે છે કે એવા અંગોની સુધારણા કે તેની કાપકુપ ન કરવામાં જ ભારે અધર્મ થાય છે અને સેવાય છે. આ તો ધર્મશાસ્ત્રના અભ્યાસની દૃષ્ટિએ વાત થઈ.

તમે "સસ્તી કીર્તિ" શબ્દ વાપરીને તો તમારા પ્રત્યેનું વિચારકમાં પરંપરાગત રહેલું માન પણ ગુમાવ્યું છે. એમ મને ચોક્ખું લાગે છે. જો એ ભાષણ માત્ર સસ્તી કીર્તિ વાસ્તે જ છે, તો તમે એનું અક્ષરશઃ ખંડન કરી મોંઘી કીર્તિ કમાવા સાથે વિચારક બળથી શેઠાઈ પદની સાર્થકતા જરૂર સિદ્ધ કરી શકો. હું તો એટલે સુધી કહેવા માગું છું કે, બે-ચાર વકીલો કે સોલીસીટરો રોકીને એ ભાષણનો બુદ્ધિગમ્ય અને અભ્યાસપૂર્ણ પ્રતિવાદ કરી શકો તોય ગનીમત છે. પછી જણાશે કે સસ્તી કીર્તિ મેળવવામાં કેટલો પરસેવો ઉતારવો પડે છે અને લોહીનું કેટલું પાણી કરવું પડે છે. ઘણા માણસો આવેશમાં તિલક, ગાંધીજી અને નેહરૂજીને પણ અવિચારી અને ગાંડા કહી દે છે, પણ એમ કહેતાં કોઈ તેમને રોકી શક્યું નથી. છતાં વિચારક એમ સમજે જ છે કે, એમ કહેવું એ માત્ર વિચારશૂન્યતા જ નહિ પણ વિચાર પ્રત્યેની તિરસ્કારવૃત્તિ છે. હું તમારા જેવા ખાનદાન કુટુંબના એક પુરૂષ પાસેથી આવા વિચારવિદ્વેષી વલણની આશા કદી પણ રાખી ન શકું.

આ લખું છું તે એટલા ખાતર નહિ કે, સંઘબહારની સજા વિરૂદ્ધ કાંઈ ધમકી અપાય. તમને અને તમારા પૃષ્ઠપોષકોને વિવેક અને વિચારથી તેમજ અંતઃપ્રેરણાથી એમ કરવું યોગ્ય લાગે તો **તમારે તમારી મર્યાદા વિરૂદ્ધ જવું. એમાં પામરતા અને આત્મદ્રોહ** છે. પણ હું સાથે જ અત્યારનું યુવકમાનસ અને કેળવણીગામી માનસને ધ્યાનમાં રાખી ભવિષ્ય ભાખી દેવા ઇચ્છું છું કે તમે જે કાંઈ અવિચારી પગલું ભરી સમતોલપણું ગુમાવશો, તે આખા દેશમાં શેઠના પાયા ઉખેડવાની જોશભેર ચાલતી ક્રિયાને જૈન સમાજમાં દાખલ કરવાના શ્રેયના તમને ભાગીદાર બનાવશે. આ પ્રશ્ન કોઈ વ્યક્તિ પૂરતો નથી. એ તો કેળવણી અને જડતા વચ્ચેનો પ્રશ્ન છે. એક બાજુ કેળવણીના બધા સાધનો અને બીજી બાજુ જડતાના બધા સાધનો ઉભાં રહેશે અને એ બે સૈન્યો વચ્ચે વિચાર તેમજ વિવેકનું મહાભારત શરૂ થશે અને તમે અને હું જીવતા હશું તો જોઈશું કે પરિણામ શું આવે છે. વિવિધ પ્રકારની જૈન સંસ્થાઓને યોગ્ય રીતે સુધારો ન કરતાં તેનો જલદી નાશ આણવાનો માર્ગ મને લાગે છે તેમ તમે ખુલ્લો કરશો, કારણ કોઈપણ **વિચારક અને સ્વતંત્રતા પ્રેમી જે સરકાર સામે પણ બાથ-ભીડવાના મનોરથો સેવે છે તે એક ક્ષણમાત્ર પણ નિષ્પ્રાણ અને અનુપયોગી શેઠાઈની સત્તા ચલાવી નહિ લે.**

લી.
સુખલાલ.

# ચિંતન્

મહાત્માજીએ હીન્દના રાજકારણમાં પ્રવેશ કર્યો તે પછીના આપણા "જાહેરસેવકો" ઉપર કોઇપણ જાતની ટીકા કર્યા સિવાય આપણે એટલું જરૂર કહી શકીએ કે: મહાત્માજીએ પોતાના વર્તન અને વિચાર પ્રચાર દ્વારા "જાહેર સેવકો" માટે એક એવો આદર્શ ઉભો કર્યો છે. અને એવો લોકમત કેળવ્યો છે, કે આજનો જાહેર લોકમત 'જાહેર સેવકો' પાસે તેમના વેષ પરિધાનમાં વપરાતી ખાદી સમું ઉજ્જવળ જીવન માંગી લ્યે છે. અને લોકમત કેટલો પ્રબળ બનતો જાય છે. તેનો પુરાવો તાજેતરમાં જ એક "જાહેર સેવક"ને પોતાની અંગત અશુદ્ધિઓ માટે ફરજીઆત નિવૃતિ સ્વીકારવી પડી છે એ કિસ્સામાંથી મળી રહે છે. કોઇપણ વ્યક્તિના 'કરણુપતન'ની તરફેણુ કરવી ઉચિત નથી. તેમ તેની ક્રૂર-કડવી ટીકાઓ કરવી તે પણ ઠીક નથી. કારણુ કે વેષની નહી પણ આદર્શની જ પૂજા હોઇ શકે, એ માન્યતા સમાજ માનસમાં જેમ જેમ પ્રબળ પણે દૃઢ બનતી જશે તેમ તેમ 'જાહેરસેવકો'ને પણ પોતાના જીવનની વિશુદ્ધિ માટે વધુ સાવચેત રહેવાની આપોઆપ ફરજ પડશે. એટલે કે ટીકાખોરીનાં ચીંથરાં ફાડવાને બદલે પૂજા તો આદર્શની જ હોઈ શકે એ માન્યતા જનતાના માનસમાં ઠસાવવા માટે શક્તિનો વ્યય કરવો એજ વધારે ફલદાયી નીવડે.

❖ ❖ ❖

એ વાત થઇ આપણા જાહેર સેવિકોની. હવે જેઓ સેવાના માર્ગથી દૂર ભાગે છે. અને "સમાજ પાસેથી સઘળી જરૂરીઆતો લેવાના બદલામાં તેમણે સમાજની સેવા પણ કરવી જોઇએ." એ વિચારનો પ્રચાર કરનારની સ્હામે જેઓ લાલ આંખે નિહાળવા હંમેશાં ટેવાએલા છે: એવા આપણા સાધુવર્ગ તરફ દૃષ્ટિ નાખીએ. કારણુ કે સમાજમાં તેઓનું સ્થાન 'સેવ્ય' તરીકેનું નહી પણ 'શાસન સેવક' તરીકેનું જ છે. અને તેઓને કરવાની અમુક ક્રિયાઓ કરવા સિવાય તેમજ શાસ્ત્રો ગણાતી પોથીઓમાંથી એની એજ વાતોનાં વ્યાખ્યાન શ્રાવકોને સંભળાવવાના તેઓએ માનેલા મહત્વના કાર્ય સિવાય કોઇ ખાસ પ્રશ્નોની વિચારણા કરવાની હોતી જ નથી. એટલે તેમને અવકાશ તો ખૂબ ખૂબ મળે છે. અને એ અવકાશનો ઉપયોગ 'પ્રગતિ' ને વેગ આપવામાં કરવાને બદલે પ્રગતિને રૂંધવામાં જ તેઓ કરતા હોવાથી સમાજની સાથે તેમને કંઈ પણ લેવા દેવા નથી એ દલીલ નકામી થઇ પડે છે. આમ સમાજની ઉપર જેના 'જીવન' અને 'જીવન કાર્ય'ની છાપ પડે છે. એવાઓના સંબંધમાં એ પ્રશ્ન સ્વભાવિક જ ઉઠે છે, કે: તેમના 'અંગત જીવનનું' શું ? અને આ પ્રશ્ન છેક સામાન્ય ન ગણી શકાય. કારણુ કે સાધુવેષની પાછળ 'સાધુતા–વિતરાગતા–નો' આદર્શ રહેલો છે. અને આપણે એમના 'વેષ'ની નહી પણ. તે વેષની પાછળ રહેલા 'આદર્શ'ની જ પૂજા કરવાની છે. એ સ્હમજી લઇએ તો એ વર્ગમાં વધતી જતી 'સુખશીળ વૃત્તિ' કડક મિમાંસા માગી લ્યે છે. એમ લાગ્યા વિના નહિ જ રહે.

એ વર્ગ કેટલો છિન્ન ભિન્ન બન્યો છે. તે જુદી જુદી બંધાએલી છાવણીઓના પ્રદર્શનથી આપણે જોઈ શકીએ છીએ. તેમજ નિરંકુશતા કેટલી વ્યાપી ગઈ છે. તે ખુબ ખુબ પરિશ્રમ અને ધનના ભોગે મળેલા 'સાધુ સંમેલને' દોઢ દોઢ મહીનાની વિચારણાઓ અને મંત્રણાઓ પછી કરેલા સાદામાં સાદા ઠરાવોનો ભંગ એ ઠરાવોનો પુરતો પ્રચાર થાય તે પહેલાં જ કેટલાકો તરફથી કરવામાં આવ્યો હતો એ બનાવે સાબીત કર્યું છે. અને એ સ્વચ્છંદી વર્તન સ્હામે એક હરફ પણ ઉચ્ચારવાની તાકાત એ 'સૂરિ સમ્રાટો' કે 'આચાર્યવર્યો'માંથી કોઇએ બતાવી નથી એ આપણા અનુભવની વાત છે. આ શું બતાવે છે ? એ વર્ગની જ્યારે આવી દશા હોય ત્યારે 'લોકસંઘ–શ્રાવક સંઘ' એમની પાસે જરૂર જવાબ માગી શકે છે એટલું જ નહી પણ તેમને પાછા 'નિયમન'માં આવવાની ફરજ પણ પાડી શકે છે.

પરંતુ દુઃખનો વિષય એ છે, કે: આપણામાં 'વેષપૂજા'નું મહત્વ એટલું બધું ઘુસી ગયું છે કે આદર્શ જેવી સ્થિતિને જ આપણે વિસરી ગયા હોઇએ એમ લાગે છે. ઉપરાંત એ વર્ગે પોતાની 'સુખશીળ વૃત્તિ' હંમેશાં પોષાતી રહે એટલા માટે શ્રાવક સંઘને 'ધર્મનું ઘેન' ચડાવી એવી રીતે છિન્ન ભિન્ન બનાવ્યો છે, કે: તે એકજ અવાજ રજુ કરી શકે એવી પરિસ્થિતિ રહી જ નથી. ઉલટું જે થોડો જાગ્રત વર્ગ છે તેમના તરફથી 'સમાજ ઉદ્ધાર' ને અંગે થતી પ્રવૃતિઓને રૂંધવામાં 'ચોક્કસ વર્ગ' એ મહા પુરૂષો (!) નું હથીઆર બની રહે છે. અને તેથી જ સમાજમાં ક્રાન્તિ માગનારાઓનો પરમ ધર્મ છે, કે તેમણે પ્રથમ વિચારક્રાન્તિ દ્વારા સમાજ માનસને જાગ્રત બનાવવાને સતત પ્રયત્ન કર્યા જ કરવો. વિચાર ક્રાન્તિની પાછળ પાછળ સમાજ ક્રાન્તિ આવી જ આવશે એ નિર્વિવાદ છે.

❖ ❖ ❖

અને એ વિચાર ક્રાન્તિ દ્વારા સમાજમાં ક્રાન્તિ કરવાનો આપણે ધર્મ માન્યો હોય તો આપણે યુવાનોએ પણ થોડો 'સ્વાધ્યાય' કરી લેવો જરૂરી છે. આપણે યુવક સંઘો સ્થાપ્યા: યુવક પરિષદો ભરી: ભાષણો અને આંદોલનો દ્વારા વિચાર પ્રચાર પણ કર્યો. પરંતુ એક મહત્વની પ્રવૃતિ હજુય બાકી રહી છે. અને તે એ કે ગુજરાતભરનો પ્રવાસ ગોઠવી પ્રત્યેક સ્થળે ફરી જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં યુવક સંસ્થાઓ સાધી યુવક જુથો ઉભાં કરવાની પ્રવૃતિ. અલબત આ પ્રવૃતિ સમય અને ધનનો જ નહી પણ એ કાર્યમાં ઓતપ્રોત બનનારા કાર્યવાહકો પણ માગી લ્યે છે. અને આ પ્રશ્ન સાધારણુ નથી. છતાં હવે પછીની પ્રવૃતિને માટે જે 'એકતાનતા'ની જરૂર છે તે આમ કર્યા સિવાય આપણે નહી પેદા કરી શકીએ. એટલે એ દિશામાં જેમ બને તેમ જલ્દી આપણે પ્રયત્ન આરંભવો ઘટે છે.

# જાહેર સભા

**નગરશેઠની હીલચાલ નાપસંદ. : : અમદાવાદના યુવકોને ધન્યવાદ.**

પંદરમી ઓગસ્ટના રાતના આઠ વાગે મહાવિરજૈન વિદ્યાલયનો હોલ નર–નારીઓથી ઉભરાઈ રહ્યો હતો. પરમાનંદ પ્રકરણ પરત્વે વીસ સંસ્થાઓ તરફથી અમદાવાદી નગરશેઠના વલણને તિરસ્કારવા અને શિર સાટે વિજય મેળવ્યા બદલ અમદાવાદના જૈન જુવાનોને અભિનંદવા સૌ ભેગા મળ્યા હતા.

જૈન યુવક પરિષદ્, મુંબઈ જૈન યુવક સંઘ, તરુણ જૈન ક્લબ, કચ્છી વિશા ઓશવાળ મિત્ર મંડળ, કચ્છી વિશા ઓસવાળ તરૂણ સંઘ, કચ્છી વિશા ઓસવાળ યુવક સંઘ, જાઈન યુવક મહામંડળ (જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મારવાડની ૨૬ યુવક સંસ્થાઓ જોડાયલી છે.) મુંબાઈ જૈન સ્વયંસેવક મંડળ, મારવાડી જૈન નવયુવક મંડળ, ખંભાત વિશા પોરવાડ જાઈન યુવક મંડળ, કચ્છી દશા ઓસવાળ કુમાર સંઘ, મહાવીર જૈન સમાજ, જાઈન સત્ય પ્રચારક મંડળ, કચ્છી દશા ઓસવાળ (નાનીનાત) યુવક મંડળ, મુંબઈ જૈન, ઘોઘારી વિશા ઓસવાળ જ્ઞાતિ, કચ્છી દશા ઓસવાળ નાની ન્યાત કચ્છી દશા ઓસવાળ દાંડીઆ રાસ મંડળ, ગોડવાળ શુભચિંતક જૈન સમાજ, કચ્છી દશા ઓસવાળ જૈન સ્વયંસેવક મંડળ ઇ. સંસ્થાઓના આશ્રય તળે આ સભા મળી હતી.

જાણીતાં નરનારીઓમાં શ્રી. ભગવાનજી અરજણ પીમજી, ડૉ. પુનશી મૈશરી, શ્રી, મોહનજી સોલીસીટર, ડૉ. નાનચંદ મોદી, શ્રી. મોહનલાલ દલિચંદ દેસાઈ, શ્રી, ચંદુલાલ સારાભાઈ, શ્રી. હીરાલાલ અમૃતલાલ, શ્રી. મણીલાલ મોહનલાલ, ઝવેરી, શ્રી વિજયાબ્હેન પરિખ, શ્રી. મોતીચંદ કાપડિયા, બાબુ વિજયકુમાર ભગવાનદાસ, શ્રી. રસિકલાલ મોહનલાલ હેમચંદ જવેરી, શ્રી, ફુલચંદ વેલજી, શેઠ ગીરધરલાલ ત્રિકમલાલ, શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ. વિગેરે નજરે પડતાં હતાં.

આમંત્રણ પત્રીકા વાંચીને શ્રી. અમીચંદ ખેમચંદ શાહે એક પત્રિકા લેખનો જવાબ આપતાં જણાવ્યું હતું કે જે સંસ્થાઓના આશ્રયે આ સભા મળે છે તે સંસ્થાઓ આજ કાલની નથી એની પાછળ સબળ પીઠબળ છે અને એના ક્ષેત્રોમાં ખૂબ જ જાણીતી સંસ્થાઓ છે.

શ્રી. કકલભાઈ બી. વકીલે પ્રમુખસ્થાન લીધું હતું. શ્રી. કકલભાઈ જાણીતા અગ્રેસર છે. મુંબઈની યુવક પરિષદ્ના સ્વાગતાધ્યક્ષ હતા. શેર બજારના એક ડીરેકટર છે

**પ્રમુખનું ભાષણ.**

પ્રમુખસ્થાનેથી શ્રી. કકલભાઈ વકિલે જણાવ્યું કે 'અમદાવાદની યંગમેન્સ જૈન સોસાયટીએ શ્રી. પરમાનંદનું ભાષણ ધર્મવિરોધી છે અને તેથી તેમને સંઘબ્હાર કરવા જોઇએ એવો ઠરાવ લાવીને એવો ઠરાવ કરવા નગરશેઠને વિનંતિઓ કરી. ભાઈપરમાનંદના ભાષણમાં ધર્મ વિરૂદ્ધ શું છે તે આટલો હોલાહલ કરવા છતાં કોઇ પૂરવાર કરી શક્યું નથી એટલું જ નહિ પરંતુ જૈન સમાજમાં સંખ્યાબંધ આચાર્યો અને વિદ્વાન મુનિવરો વિદ્યમાન છતાં ભાષણમાંથીએક પણ ફકરો ટાંકીબતાવી અમુક ભાગ ધર્મ વિરૂધ્ધ જાય છે એવું બતાવવાને હજુ કોઇ બ્હાર પડયું નથી. વાસ્તવિક રીતે ભાઇ પરમાનંદના ભાષણમાં તેવું કંઇ છે જ નહિ. તેઓના પ્રગતિમાન વિચારો અને જુવાનોમાં તેઓએ આણેલી જાગૃતિએ રૂઢીચુસ્તોને હચમચાવી મૂક્યા છે. અને વેરવાળવા સંઘની સભાનો ફારસ ભજવવામાં આવ્યો છે.

'દરેક વિચારશીલ વ્યક્તિને સમાજ કે ધર્મના પ્રશ્નોસંબંધી વિચારો રજુ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. તે અધિકારની આડે આવવાની કોઇ પણ સમાજ કે સંસ્થાને સત્તા હોવી ન જ જોઇએ. અમદાવાદના નગરશેઠે પ્રથમતો પોતે જ ભાષણની નિંદા શરૂ કરે છે અને જુદાં જુદાં પત્રોના ઉત્તરદ્વારા વિલક્ષણ માનસ આલેખુમ પ્રગટાવે છે. સંઘની સભા નવમી ઓગસ્ટે મળે છે. ખુબ વિરોધ રજુ થવા છતાં તથા ખતગણુદીની માગણીઓ ઉપરા ઉપરી આવવા છતાં તેને બીલકુલ નહિ ગણકારતાં મૂકાયેલા ઠરાવને સર્વાનુમતે પસાર

## પાટનગર કબ્જે થયું છે

દોસ્તો, !

આપની સમક્ષ મુકાયેલા ઠરાવના પૂર્વાર્ધ વિષે મ્હારે કંઇ કહેવાનું નથી. એમાં નગરશેઠની પ્રવૃત્તિ પ્રત્યે તિરસ્કાર બતાવાયો છે. આમ તો નગરશેઠના વર્તન વિષે અહિં જે કહેવાયું છે એમાં હું પણો ઉમેરો કરી શકું. પણ હારેલા–પડેલા માણસને તિરસ્કારવો એ સૈનિકને છાજતું નથી. ખુદ એના ઘરમાં જ એને વિષે હાહાકાર જણાતો હોય એ વખતે એના સામેના વધતા તિરસ્કારમાં વધારો કરવો એ મ્હને કે આપને શોભે નહિ. મ્હારૂં ચાલે તો હું આપના સૌના તરફથી એને અભિનંદન આપું. ઠરાવમાંથી જૈન યુવક પ્રવૃત્તિ ચાલે છે. એમાં સીધી હકતની આ પહેલી તક એણે આપણને આપી છે. જુના અને નવા વિચારોનો મુકાબલો અમદાવાદમાં થઇ ગયો છે. અને એમાં આપણે વિજય મેળવ્યો છે.

કોઇ એમ ન માનશો કે અમદાવાદના જુવાનો એ આવેશમાં આવી આ છત મેળવી છે. એમની આ ચશ લડતનો હું સાક્ષી હતો. ભાઇ ભાઇના બાપદિકરાના સબંધોમાં આગ લગાવીને આવી કારકીર્દી જોખમમાં નાખીને આ વિજય એમણે મેળવ્યો છે.

આપણી પ્રવૃત્તિ ગુજરાત વ્યાપક છે. અને વિજય ધ્વજ રોપવો હોય તો પાટનગર જ જીતવું જોઇએ. અમદાવાદ ગુજરાતનું પાટનગર છે. એ પાટનગરમાં એના નગરશેઠને એના સ્થાનનું ભાન કરાવ્યું એ આપણો પ્હેલો વિજય છે. અને પોતાની જાતની પ્રતિમા રચી પોતાને પૂજવા લાયક મનાવતા સૂરિસમ્રાટને પદભ્રષ્ટ કર્યા એ આપણો બીજો વિજય છે. અમદાવાદના આપણા નૂતન બીરાદરોએ આ બન્નેને સખ્ત હાર આપી છે, રોકાણના સુરૂ થયા છે. સમ્રાટના શાસન રોળાઇ ગયાં છે.

પાટનગર જીતેલા આપણે નજીકના ગામો જીતવાનાં છે એ જીતવાની પ્રેરણા પાતા અમદાવાદના વિજેતા આપણા બિરાદરોને આ ઠરાવદ્વારા આપણે અભિનંદીએ છીએ. તારાચંદ કોઠારી.

[ મુંબઇ સભામાં મૂકાયલા પ્હેલા ઠરાવવેળા આપેલું ભાષણ ]

થએલો જાહેર કરી નગરશેઠ બાજુના બારણે વિદાય લે છે. દેખીતો વિરોધ છતાં ઠરાવને સર્વાનુમતે પસાર થયેલો જાહેર કરવામાં આવે એ બધું બંધારણની દૃષ્ટિએ કેટલું ગેરકાયદેસર છે એ સમજાવવાની જરૂર રહેતી નથી.

જાહેર થએલો ઠરાવ પણ કેટલો વિચિત્ર છે. લાગણી દુભાઇ છે માટે પરમાનંદ સાથેનો બધો વ્યવહાર બંધ કરવામાં આવે છે. શ્રી પરમાનંદ અમદાવાદના સંઘની વ્યક્તિ નથી. એટલે અમદાવાદના નગરશેઠે આવો ઠરાવ જાહેર કરીને પોતાને તેમજ અમદાવાદના સંઘને હાંસીપાત્ર બનાવ્યા છે.

'અમદાવાદના નગરશેઠને હું પૂછું છું કે લોકમતને ઠોકરે મારી સમાજમાં હોળી સળગાવવા સંઘને નામે જે ફારસો ભજવ્યાં છે તેના કેવાં માઠા પરિણામ આવશે એનો આપને કંઇ ખ્યાલ છે ? અમલ થઇ ન શકે એવા ઠરાવોથી અલગ રહેવાની સાદી સમજ પણ આપ ધરાવતા નથી ? આપે તો વિવેકની મર્યાદા ઓળંગી. શ્રી. પરમાનંદ સસ્તી કીર્તિ ખાટવા નિકળ્યા છે એમ જાહેર કર્યું છે. ગાદીના માનને ખાતર પણ આપે ગૌરવ જાળવવું જોઇતું હતું. ભારે ભોગ આપીને શ્રી. પરમાનંદ યુવકોના સરદાર બન્યા છે. કુટુંબ કે ન્યાતોની પરવા વિના તેમણે નિડરપણે વિચારો રજુ કર્યાં છે. દેશ ખાતર બે વાર જેલ યાત્રા કરી છે, એમની કીર્તિ એ ભારે ભોગોનું પરિણામ છે. શ્રી પરમાનંદનું ભાષણ આપણી પ્રવૃત્તિઓના કારણે જૈન અને જૈનેતર સમાજોમાં ઘેર ઘેર વંચાય છે. આવૃત્તિઓ પાછળ આવૃત્તિઓ કાઢવી પડે છે. યુવક પ્રવૃત્તિને આડકતરી રીતે વેગ આપવા બદલે આપને ધન્યવાદ આપવો જોઇએ.

'સ્થિતિ ચુસ્તતાના ધામમાં યુવક પ્રવૃત્તિની આટલી સફળતાથી દેશભરના જૈન યુવકોને ગૌરવ મળ્યું છે. અમદાવાદના યુવક બંધુઓએ માર સહન કરીને પણ જે ધીરજ અને શાંત રીતે વિરોધ દર્શાવ્યો છે તે માટે તેઓને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે.

'નૂતન વિચારનું વાતાવરણ દેશભરમાં આજે ફેલાઇ રહ્યું છે. નદિના વેગની જેમ તેનો પ્રવાહ અસ્ખલિત રીતે વહ્યાજ કરશે અને તેની સામે થનાર નદિના પુરની જેમ પ્રગતિના પુરમાં તણાઇ જશે. પોતાના સમયમાં ક્રાન્તિ કરવા માટે અપમાન અને તિરસ્કારનો ભોગ બનવા છતાં સમયને અનુસરીને વિચાર કરનારાઓ પાછળથી પૂજાય છે. યુવકો પચિસ વર્ષ પછી શું આવવાનું છે. તે જોઇ શકયા છે. તેને માટે અનુકુળતા અને માર્ગ સાફ કરવાનું કામ કરી રહ્યા છે. સમયની સામે થનાર કોઇ ટકી શકતું નથી.'

**'અમદાવાદ ખાતે મળેલી બીજી જૈન યુવક પરિષદના પ્રમુખ સ્થાનેથી શ્રી. પરમાનંદ કુંવરજીએ આપેલા ભાષણને કારણે તેમને સંઘ બ્હાર કરવાને લગતી અમદાવાદના સંઘના નામે શ્રી કસ્તુરભાઇ મણીભાઇ નગરશેઠે ઉપાડેલી અયોગ્ય અને ઉપહાસભરી હિલચાલ પ્રત્યે આ સભા સખ્ત નાપસંદગી જાહેર કરે છે અને તે હિલચાલને જીવને જોખમે નિષ્ફળ બનાવવા માટે અમદાવાદના જૈન યુવાનોએ બતાવેલી હિંમત માટે તેમને આ સભા હાર્દિક ધન્યવાદ આપે છે.**

શ્રી. ઓધવજી ધનજી શાહ સોલીસીટરે ઉપરોક્ત ઠરાવ રજુ કરતાં જણાવ્યું કે આ ઠરાવનો મુસદ્દો બે ચાર ગામડીઆઓ કોઇ ઠરાવ કરતા હોય તેવો અણઘડ છે. એની ભાષા ખુબ કંગાલ છે. અમદાવાદના સંઘે સંબંધ રાખવો નહિ તેવો ઠરાવ કર્યો છે પણ કેવો સંબંધ નહિ રાખવો તે જણાવ્યું નથી. લાયકાત, અધિકાર અને સાર્થકતાની દૃષ્ટિએ હું એ ઠરાવનું અવલોકન કરીશ. ઠરાવ કરનારા ખેરખાંહોને હું પૂછું છું કે તમે શાસ્ત્રોનો કદિ અભ્યાસ કર્યો છે ? મને લાગે છે કે એ ઠરાવ કરનારાઓએ શ્રી. પરમાનંદનું ભાષણ પણ વાંચ્યું નહિ હોય. પરમાનંદ ભાવનગરના છે એટલે તેમના ઉપર અમદાવાદના સંઘની કોઇ સત્તા નથી.

'વિચારો દર્શાવવામાં આવે તે સામે વિરોધ દેખાડવા બ્હાર પાડનારાઓ અનેક દુરાચારો આચરાય છે તે સામે વિરોધ દર્શાવવા બ્હાર કેમ નથી પડતા ? ધર્માદા નાણાંથી વેપાર ચલાવનારાઓને કેમ ઉઘાડા પાડવામાં નથી આવતા ? સાધુઓના બદ ચરિત્રો કેમ જાહેર નથી કરતા ?

'સંઘની સભામાં જીવના જોખમે હિમ્મત દેખાડવા માટે અમદાવાદના જુવાનોને ધન્યવાદ ઘટે છે.'

અમદાવાદ સંઘના સભ્ય શ્રી ચંદુલાલ સારાભાઇ મોદીએ આને ટેકો આપ્યો હતો. શ્રી મણીલાલ જવેરીએ યુવકોમાં નગરશેઠની પ્રવૃત્તિથી જે જોમ આવ્યુ હતું તે બદલ નગરશેઠનો આભાર માન્યો હતો. શ્રી. વલ્લભદાસ ફુલચંદે પણ ટેકો આપતાં કહ્યું: 'યુવાનોને પડેલાં પત્થરનો માર જોતાં એવી કોઇ યોજના પ્હેલેથી જ તૈયાર હોવી જોઇએ.' અને 'સંઘને ગેરકાયદે ચલાવવા માટે એમણે તિરસ્કાર કર્યો હતો. શ્રી. તારાચંદ કોઠારી શ્રી. ફુલચંદ વેલજી, શ્રી. મહાસુખલાલ હરગોવિંદદાસ, શ્રી. ચીમનલાલ અને માણેકલાલ બટેવરાના ટેકા પછી ઠરાવ સર્વાનુમતે પસાર થએલો જાહેર થયો હતો.

**સામાજીક કે ધાર્મિક પ્રશ્નો ઉપર સ્વતંત્ર વિચાર દર્શાવવાનો દરેક વ્યક્તિને જન્મસિધ્ધ હકક છે અને તેમ કરતાં તેને અટકાવવા કે દબાવવાનો પ્રયત્ન કરવો તે પ્રગતિરોધક અત્યાચાર છે તેથી જ્યાં જ્યાં એવો પ્રયત્ન થાય ત્યાં ત્યાં તેનો અહિંસક, શાંતિ અને વ્યવસ્થાપૂર્વક સામનો કરવાની યુવક જનતાને આ સભા આગ્રહ કરે છે.'**

શ્રી મોહનલાલ દલિચંદ દેસાઇએ ઉપરોક્ત ઠરાવ રજુ કરતાં જણાવ્યું કે: વાણિસ્વાતંત્ર્યનો સિધ્ધાંત એવો સર્વસ્વિકૃત છે કે આ ઠરાવને સમર્થનની જરૂર નથી. કેમકે વાણિસ્વાતંત્ર્ય એતો જન્મસિધ્ધ હકક છે. આ હકક પાળતાં ગાળો પડશે ને કોઇક કોઇક લડવા પણ આવશે. લડવા આવનારાઓ ઘા કરે તો પણ શાંતિ અને અહિંસા જાળવીને શિષ્ટતાથી કાર્ય લેવું જોઇએ, વાણિસ્વાતંત્ર્ય જેમ આપણે માટે તેમ બીજાને માટે પણ સ્વીકારવું જોઇએ. સગવડપંથી આપણે ન બનીએ. અને સહન કરીને પણ વાણીસ્વાતંત્ર્યનું આપણે રક્ષણ કરવું જોઇએ.

ડો. મહીશરીએ આ ઠરાવને ટેકો આપ્યા પછી શ્રી. લીલાવતી દેવીદાસે તેજસ્વી વાણીમાં કહ્યું કે સિંહણના દુધને પચાવવાની જેમ તાકાત જોઇએ છે તેમ શ્રી. પરમાનંદનાં ભાષણોનાં તત્વો પચાવતાં

(અનુસંધાન પાનું ૧૮ B. જુઓ.)

# નગરશેઠની અજ્ઞાનતા !

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ સાથેનો આ પત્ર વ્યવહાર અહિં રજુ થાય છે. આ પત્રમાંની શે. કસ્તુરભાઈની તોછડાઈને એક વાર ભૂલ્યા માનવીની નાદાનીયત માની આપણે બેદરકાર બનીએ તો પણ "પરમાનંદે લાલન શિવજીને માફી માગવાને સમજાવવામાં આગળ પડતો ભાગ લીધો હતો." એવી સાવ મૂળમાં જ ખોટી હકીકતો કસ્તુરભાઈની નગરશેઠ તરીકેની નાલાયકાત સિદ્ધ કરે છે. જો સંઘ પર એવું સ્વામિત્વ—નગરશેઠપદ ભોગવવું હોય તો એના મહત્વના બનાવો વિષે માહિતગાર રહેવાની એટલી તકલીફ લેવી જોઈએ. ખોટા આંકડા કે ખોટી હકીકતોથી જનસમુહને છેતરવાનો યુગ હવે વહી ગયો છે એ વાત કસ્તુરભાઈ, પદભ્રષ્ટ થયેલા સમ્રાટ અને ઢુમપાડીઆ મંડળો નોંધી રાખે.... ... ... ... તંત્રી

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, પાયધુની, મુંબઈ ૩.

તા. ૧ ઑગસ્ટ ૧૯૩૬.

**શ્રીયુત નગરશેઠ કસ્તુરભાઈ મણીભાઈ, અમદાવાદ.**

વિ. આપનો તા. ૩૧–૭–૩૬ નો પત્ર મળ્યો. અમારા આપની સાથેના પત્ર વ્યવહારમાં શ્રી પરમાણંદના ભાષણ સંબંધે અભિપ્રાય દર્શાવવામાં આવેલ નથી એ વાત આપે સ્વીકારી છે તેથી સંતોષ થયેલ છે. અમારા મુખપત્રમાં સંસ્થાનો અભિપ્રાય છે એમ આપ જણાવો છો તે બાબતનો પણ અમે સ્પષ્ટ ઇન્કાર કરીએ છીએ અને આપ જો ઇચ્છશો તો તે અંગે પણ ખુલાસો થઈ શકશે.

આપે જે સાધુ સંમેલનના ઠરાવ નં. ૧૦ માં નો હવાલો આપ્યો છે તે અમે ફરી વાંચી જોયો છે અને અમે દિલગિર છીએ કે આપ જે તેનો અર્થ કરવા પ્રયત્ન કરો છો તેવો તેનો સંકુચિત અર્થ નથી. આપ ફરી વખત તે ઠરાવને જોઈ જશો એવી આશા રાખીએ. છતાંએ શું તે મંડળી સ્વપક્ષમાનાં કોઈ વ્યક્તિના વિચારો અંગે જવાબ આપી ન શકે ?

આપના પત્રના બીજા પેરેગ્રાફ અંગે ખુબ વિચારો દર્શાવી શકાય એમ છે પણ તેમાં હાલ ન ઉતરતાં એક પ્રશ્ન એ ઉદ્ભવે છે કે જ્યારે ધર્મવિરૂદ્ધ બોલનાર કોઈ પણ વ્યક્તિને માટે જ્યારે આપ અન્ય કોઈ પણ રસ્તા કરતાં સંઘ બહારની શિક્ષા જણાવો છો ત્યારે ધર્મવિરૂધ્ધ આચરણ કરનાર, ખાનપાન કરનાર કે અન્ય અનેક રીતે ધર્મ વિદ્રોહ કરનાર—જે અંગે અત્યાચાર અગાઉ આપણાં પૂજ્ય મુનિવર્યોએ જાહેર ભાષણોમાં જણાવેલું છે.—તેઓના માટે શું સંઘ વિચાર ન કરી શકે ? અમદાવાદ સંઘ આવા ધર્મ વિરૂધ્ધ કૃત્ય કરનાર અંગે પણ સમતોલ દ્રષ્ટિએ વિચાર કરે એ શું ઇચ્છનીય નથી ?

આપના પત્ર પરથી જણાય છે કે આપ પ્રથમથી નિર્ણય કરીને જ બેઠા છો કે અમુક ભાષણ ધર્મદ્રોહી છે. આપના એવા વખતો વખત જણાવેલા વિચાર પછી આપનો ન્યાયાધીશ તરીકે કેટલો અધિકાર રહી કે ટકી શકે તેનો આપ જ ખ્યાલ કરશો. આપે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ભાઈ પરમાણંદ તમારા સ્થાનિક સંઘની એક વ્યક્તિ નથી. તમારા કોઈ ઉતાવળા કૃત્યથી તમે ભાવનગરના સંઘની સત્તામાં હાથ નાખો છો એવો દેખાવ થાય તે પણ ઇચ્છવા યોગ્ય નથી.

પોતાનો અધિકાર વિચારી શાંત દ્રષ્ટિ રાખી સંયમ ભાવે વિચારણા થાય એવા પરિપક્વ વિચારોની અત્યારે જરૂર છે એમ અમને લાગવાથી અમારી અત્યંત અનિચ્છા છતાં સામાજીક હિતની નજરે જ આ પત્ર વ્યવહાર કરવાની અમને આવશ્યકતા લાગી છે. હાલ એજ.

પત્રની પહોંચ સ્વીકારી આભારી કરશોજી. લી. સંઘ સેવક

(સહી) **ગાંધી જમનાદાસ અમરચંદ,** રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

**અમદાવાદ તા. ૬–૮–૩૬** પંડાવીલા.

**શ્રી જૈન શ્વે. મૂ. સંઘ** રાજનગર

**શ્રીયુત જમનાદાસ અમરચંદ ગાંધી.**

રે. જ. સે. શ્રી. જૈ. શ્વે. કોન્ફરન્સ. **મુંબઈ.**

વિશેષ તમારો નં. ૨૭૭ તા. ૧–૮–૧૯૩૬ નો પત્ર મળ્યો. તમારા મુખપત્રમાં તમારો અભિપ્રાય છે. "ભાઈશ્રી પરમાનંદે એ તરફ માર્મિક કટાક્ષ ફેંકી ખાસ ભાર પરિવર્તન પર મૂકી ધાર્મિક અને સામાજીક નિયમોમાં તક અને ફકની નીતિ આદરવા આહ્વાન કર્યું છે. એમ કરવામાં શાસ્ત્ર મર્યાદા ઓળંગી છે" પણ હવે કદાચ તમો એ અભિપ્રાય બદલવા માગતા હો તો સીધી રીતે બદલી શકો છો. તેમાં વાક્ચાતુર્યથી નીકળી જવાની નીતિ ખોટી છે.

તમારી સંસ્થાના મુખ્ય કાર્યવાહક શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીયાએ પૂ. મૂર્તિઓને ન માનનાર સ્થાનકવાસીઓ, પૂ. આગમોને ન માનનાર અને આપણી સાથે તિર્થોમાં ઝગડા કરનાર દિગંબર સોલિસિટરો, વકીલો, તથા બેરીસ્ટરોના શ્રી પરમાણંદના બચાવના જાહેર નિવેદનમાં સાથ આપ્યો છે તે દિલગિર થવા જેવું છે. એ બતાવી આપે છે કે તમારી સંસ્થાને આ પ્રકરણ માટે જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજનો કેટલો ટેકો છે.

ઉપરની બીના બનવાથી મારા તા. ૬–૭–૩૬ ના કાગળમાં લખવા પ્રમાણે શાંતિના ઓઠા નીચે પરમાનંદનો બચાવ છે તે બાબતને આથી વધુ ટેકો મળે છે.

મનુષ્ય સ્વભાવ જ એવો છે કે પોતાનાં સગાં સંબંધી માટે મોહને લીધે દરેક પ્રયત્ન કરે એ દેખીતું છે અને તે ક્ષમાપાત્ર છે.

સમાજમાં ખરી શાંતિ ઇચ્છનારા પરમાનંદના સ્નેહિઓ તથા સગાંઓએ એમને સમજાવી અધાર્મિક અને સમાજમાં અશાન્તિ ફેલાવે તેવું લખાણ ભાષણમાંથી પાછું ખેંચાવી લેવું જોઈએ. તે નહિ કરતાં શાન્તિના ઓઠા નીચે પરમાનંદનો બચાવ કરવો તે ખેદજનક છે.

તમારી સંસ્થાના કન્વેન્શનને શાંતિપૂર્વક સફળ કરવાને વાસ્તે મર્હુમ નરોત્તમભાઈ ભાણજીભાઈ તથા મી. પરમાનંદે લાલન અને

શિવજીને મારી માગવાને સમજાવવામાં આગળ પડતો ભાગ લીધો હતો તેઃ હવે શ્રી. પરમાનંદને સમાજની શાંતિ ઇચ્છનાર કોઈ સમજાવનાર નથી ?

હાલના સમયમાં, ઘણા માણસો રાત્રિભોજન કરતા હશે, ઘણા પ્રભુ સેવા પૂજા નહિ કરતા હોય, ઘણા ઉપાશ્રયે મુનિમહારાજો પાસે નહિ જતા હોય વગેરે વગેરે. તેથી તેઓ પોતાના આત્માનું હિત સાધી શકતા નથી. પણ આવી અગર બીજી ધર્મવિરુદ્ધની પ્રરૂપણા કરી જાહેર ભાષણો આપી સમાજને ધર્મવિમુખ કરે તેમજ જે માણસ પૂજા સેવા કરે અને પૂ. મૂર્તિને માટે અપશબ્દ વાપરે, ઉપાશ્રયે જાય ને સાધુસંસ્થાને નિંદે અને વિપરીત બનાવવા ઇચ્છે વગેરે વગેરે ધર્મવિરુદ્ધ જાહેર ભાષણો આપે તેથી ઘણા જીવોનું અકલ્યાણ કરે છે અને તેથી જ શાસનનો ગુનેહગાર થાય છે. આ વસ્તુ તમે સારી રીતે સમજી શકો છો અને તેથી હમારા પત્રના ત્રીજા પેરેગ્રાફનો ખુલાસો આવી જાય છે.

સાધુ સંમેલનના પવિત્ર ઠરાવોનો અર્થ મારી મચડી કરવાનું કામ તમારૂં નથી. શ્રી. પરમાનંદના ભાષણમાં અધાર્મિક તત્ત્વ છે એ તો સ્પષ્ટ છે. પણ તે સંબંધી યોગ્ય શું કરવું તે અમદાવાદ સંઘે વિચારવાનું છે.

લી. સેવક, (સહી) **કસ્તુરભાઈ મણીભાઈ.**

## અમદાવાદના યુવકો.

### નગરશેઠ સામે વિરોધ.

અમદાવાદ, તા. ૧૫ મી ઓગસ્ટ.

પરમાનંદ પ્રકરણમાં અમદાવાદ જૈન સંઘના નગરશેઠે ચલાવેલા વર્તન સામે વિરોધ દર્શાવવા ગઈ કાલે રાતના આઠ વાગે અત્રે હંસરાજ પ્રાગજી હોલમાં ગુજરાત યુવાન મંડળ અને વિદ્યાર્થી મીત્ર મંડળના સંયુક્ત આશ્રય હેઠળ શ્રી કૃષ્ણલાલ દેસાઇના પ્રમુખપદે એક જાહેર સભા મળી હતી.

સભામાં જુદા જુદા વક્તાઓએ વીચાર અને વાણી સ્વાતંત્ર્ય પર ત્રાપ મારતા નગરશેઠના વર્તનનો સખ્ત વિરોધ કરતાં ભાષણ કર્યાં હતાં અને ધર્મની આંધળી ઘેલછાને પરિણામે બનેલા હિંસક બનાવોને વખોડી કાઢ્યા હતા.

ત્યારબાદ સભામા નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યાહતાઃ—

(૧) અમદાવાદના શહેરીઓની આ જાહેર સભા ઠરાવ કરે છે કે જૈન કોમના રૂઢીચુસ્ત ગૃહસ્થોએ વાણી સ્વાતંત્ર્યના જનતાના હક્ક પર જે ત્રાપ મારવાનો પ્રયત્ન આદર્યો છે તેનો વિરોધ કરે છે.

(૨) જૈન યુવક પરીષદના પ્રમુખ શ્રી. પરમાનંદ કાપડીઆને સકળ સંઘ બહાર મુકવા માટેની સભામાં જે અથડામણ ઉભી થઇ હતી અને જેના પરિણામે જૈન યુવક ભાઇઓ ઘાયલ થયા છે તેમને આ સભા અભિનંદન આપે છે અને રૂઢીચુસ્તોએ યુવાનો પર કરેલા હીચકારા હુમલાને આ સભા ધિક્કારી કાઢે છે.

(૩) વાણી-સ્વાતંત્ર્ય સામે નગરશેઠે ચલાવેલી જોહુકમી અને પોલીસની મદદથી તેને દાબી દેવાના જે પ્રયત્નો થયા હતા તેને આ સભા સખ્ત રીતે વખોડી કાઢે છે.

( અનુસંધાન પાનું ૧૮ થી ચાલુ )

આપણને તાકાદ જોઇશે. જેમ સિંહણનું દુધ સુવર્ણના પાત્રમાં જ રહી શકે અને બીજા વાસણમાં રાખતાં વાસણ ફોડીને બ્હાર નિકળે તેમ જે માણસો શ્રી. પરમાનંદના ભાષણને જીરવી શકતા નથી તે બળબળી ઉઠયા છે. શ્રી. પરમાનંદના ભાષણના મુદ્દાઓ પ્રમાણે જૈન સમાજમાં ફેરફાર થાય તો જૈન સમાજનું ભારે કલ્યાણ થાય. એ ભાષણમાં એટલું મહત્વ છે. આવા ભાષણને ધર્મદ્રોહી કહેનારા ધર્મ શી ચીજ છે તે સમજતા નથી. પરમાનંદ અમારા સાચા સરદાર છે અને રહેશે. એના વિચાર સ્વાતંત્ર્યની આડે આવનાર કોઇ ટકી શકશે નહિ.

શ્રી. મણીલાલ જેમલ શેઠે જણાવ્યું કે શ્રી. પરમાનંદભાઇના ભાષણના વિરોધીઓ દેશની અને સ્વદેશીની ચળવળને કેમ વગોવે છે એ મને સમજાતું નથી. અહિંસાનો દાવો કરનારા એ જ્યારે જે અહિંસક વાણી ઉચ્ચારે છે તેથી મને ખેદ થાય છે. વિચાર સ્વાતંત્ર્યની આડે આવવા ઇચ્છતા એ ભાઇઓને સદ્બુધ્ધિ સુઝો.

શ્રી. રતીલાલ કોઠારીએ કહ્યું કે મુછો આંબળીને બેસી રહેતા અને માત્ર વારસા હક્કે બનેલા નગરશેઠોએ હવે જાણવું જોઇએ કે એમનો યુગ પુરો થયો છે. વ્યક્તિ સ્વાતંત્ર્યની સામે એમનો કોઇ ફતવો હવે ચાલશે નહિ. એમની જોહુકમી અમે નહિ ચલાવી લઇએ જ્યાં જ્યાં વિચારસ્વાતંત્ર્યનો વિરોધ કરવામાં આવશે ત્યાં ત્યાં એની સામે લડવાનો જુવાનોનો હક્ક છે.

થોડીક જ પળોમાં ખુબ જોસ ભરી વાણીમાં શ્રી. ચંદુલાલ વૈદે સભા હલાવી. એમણે કહ્યું કે શ્રી પરમાનંદના ભાષણમાં રામચંદ્રસૂરીનું નામ આવ્યું ત્યારથી જ મને થયું કે ગાળાગાળી થવાની. રૂઢી ચુસ્તોની સભામાં હું ગયો હતો. માનવીને ન છાજે અને અહિંસાપ્રેમીને ન શોભે એવી ભાષામાં ત્યાં વીરતા વરસતી હતી. ભાઇ પરમાનંદ—આર્યસમાજીસ્ટને ભાષણ કરતાં રોકવામાં આવ્યા હતા. તે ઉપર પં. જવાહરલાલ નહેરૂએ આજે જ સ્ટેટમેંટ બ્હાર પાડી જણાવ્યું છે કે એમના વિચારો સાથે હું મળતો નથી થતો પરંતુ આપણાથી કોઇને સભામાં બોલતાં અટકાવાય નહિ. આ વાત આપણા રૂઢીચુસ્તોએ સમજવી જોઇએ. એમણે વિરોધ કરવો હોય તો ભલે કરો પણ સભ્યતાના નિયમો એમણે ભૂલવા ન જોઇએ.

બાદ બીજા પણ કેટલાક ટેકા પછી સભા વિસર્જન થઇ હતી. આ સભાનો હેવાલ મુંબઈ સમાચારમાં બ્હાર પડતાં કેટલાક સભાજનો 'રૂઢીચુસ્તોની સભાનો હેવાલ આ હેવાલ સાથે સરખાવતાં હતાં. ભાષણોમાં સંયમ ને શિષ્ટતા અને વિવેક કેટલાં હતાં ! અને રૂઢીચુસ્તોની સભામાં ?—તોફાન, અસભ્યતા, ઉશ્કેરાટ, ગાળો.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

### ભાષણશ્રેણી ત્રીજી.

ભાષણશ્રેણીની બીજી સભામાં **"દેવદ્રવ્યનો ઉપયોગ સાતે ક્ષેત્રોમાં થઇ શકે"** એ વિષય ઉપર લગભગ બે કલાક સુધી સંવાદ ચાલ્યો હતો. પરંતુ એ અર્સામાં શ્રોતાઓને વધુ રસ પડવાથી એ સભાને મુલતવી રાખી, તા. ૨૩-૮-૧૯૩૬ ને રવિવારના રોજ રાત્રીના આઠ વાગે (સ્ટા. ટા.) સંઘની ઓફીસમાં (૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ બીજે માળે) એજ વિષય ઉપર સંવાદ થશે.